# દીક્ષાના પ્રકારો

❑ પ. પૂ. સાધ્વી શ્રી મોક્ષગણાશ્રીજી મ. સા.

જિનેશ્વર ભગવંતે જે માનવ જન્મને દુર્લભ કહ્યો છે તે માનવ જન્મ મળ્યા પછી તેને સારી અને સાચી રીતે સફળ કરવો હોય તો તે માટે જિનશાસનમાં ત્યાગવૈરાગ્યમય દીક્ષાનો બોધ અપાયો છે. દીક્ષા એટલે સર્વવિરતિ; ત્યાગવૈરાગ્યમય ગૃહસ્થજીવન એટલે દેશવિરતિ. ગૃહસ્થજીવનનો પણ ત્યાગ એટલે સર્વવિરતિ. કંચન-કામિનીનો ત્યાગ, વિષયોનું વમન, કષાયોનું શમન, ઇન્દ્રિયોનું દમન દીક્ષામાં અનિવાર્ય ગણાય છે. પરંતુ બધી દીક્ષા લેનારા એક જ આશયવાળા નથી હોતા. દીક્ષા પણ જુદા જુદા હેતુથી લેવાય છે.

'ઉપદેશ ચિંતામણિ' નામના પોતાના ગ્રંથમાં કવિચક્રચક્રવર્તી શ્રી જયશેખસૂરિએ આગમશાસ્ત્રોના આધારે **'दिक्खं ज्यंति सोलसहा'** દીક્ષાના જે સોળ પ્રકાર બતાવ્યા છે તે નીચે પ્રમાણે છે : ૧. છંદા, ૨. રોષા, ૩. પરિધૂના, ૪. સ્વપ્ના, ૫. પ્રતિશ્રુતા, ૬. સ્મારણિકા, ૭. રોગિણી, ૮. અનદતા, ૯. દેવસંજ્ઞપ્તિ, ૧૦. વત્સાનુબંધિકા, ૧૧. જનિતકન્યકા, ૧૨. બહુજન સંમુદિતા, ૧૩. આખ્યાતા, ૧૪. સંગરા, ૧૫. વૈયાકરણી, ૧૬. સ્વયંબુદ્ધા.

દીક્ષાના આ પ્રકારો વિષે આપણે વિગતે જોઈએ :

**૧. છંદા દીક્ષા :** પોતાના અભિપ્રાયથી ગોવિંદ વાચકની જેમ અથવા બીજાની ઇચ્છાથી એટલે કે ભાઈને વશ થયેલા ભવદેવની જેમ વૈરાગ્યના ભાવ વગર જે દીક્ષા લે તે છંદાદીક્ષા કહેવાય છે.

શાક્યમતનો ગોવિંદ નામનો મોટો વાદી હતો. કોઈક સમયે અનેક શાસ્ત્રોમાં પારંગત શ્રીગુપ્ત નામના જૈન આચાર્ય પરિવાર સહિત ત્યાં પધાર્યા. તેઓએ જિનેશ્વરોએ કહેલ કર્મક્ષય કરનાર ધર્મ સંભળાવ્યો. નગરલોકમાં આનંદ વ્યાપી ગયો. નગરમાં વાત ફેલાઈ કે 'આ સૂરિ જેવા બીજા કોઈ શ્રુતરત્નના સમુદ્ર નથી.' આ સાંભળી ગોવિંદ વ્યાકુળ બન્યો. ગર્વથી ઊંચી ગ્રીવા કરતો વાદયુદ્ધ કરવા તે આચાર્યની સમીપે પહોંચ્યો. વાદયુદ્ધ થયું, પરંતુ આચાર્યે યુક્તિયુક્ત વચનોથી વાદી ગોવિંદને નિરુત્તર કર્યો. પછી ગોવિંદ વિચારવા લાગ્યો કે જ્યાં સુધી આચાર્યના જૈન સિદ્ધાંતનાં ઊંડાં રહસ્યનું અધ્યયન ન કર્યું હોય, ત્યાં સુધી આચાર્યને જીતી શકાશે નહિ. એટલે તે બીજા પ્રદેશોમાં રહેલ બીજા એક જૈન આચાર્યની પાસે ગયો. ત્યાં એમનો વિશ્વાસ ઉત્પન્ન કર્યો. પરંતુ શાસ્ત્રના અભ્યાસ માટે દીક્ષા અંગીકાર કરવી પડે એમ હતી એટલે ગોવિંદે દીક્ષા લીધી. તેમની પાસે તે શાસ્ત્રો ભણવા લાગ્યો. પરંતુ વિપરીત શ્રદ્ધા હોવાથી તે સમ્યક્ રીતે બોધ ન પામ્યો. કેટલાક દિવસો બાદ પેલા આચાર્ય પાસે વાદ કરવા ગયો પણ તે આચાર્યે તેને નિરૂત્તર કર્યો. ફરી બીજી દિશામાં જઈ આગમો ભણીને વાદ કરવાની તેને ઇચ્છા થઈ. પરંતુ તે વખતે પણ આચાર્યે તેને નિરૂત્તર કર્યો. આમ વાદ કરવા માટે તેણે સ્વેચ્છાએ દીક્ષા લીધી હતી. પરંતુ તેમાં વૈરાગ્યનો સાચો ભાવ નહોતો.

**ભવદેવનું દૃષ્ટાંત :** આ કથા જંબુસ્વામીના પૂર્વભવની છે. ભવદત્ત અને ભવદેવ એ બે સગા ભાઈ હતા. ભવદત્તે નાની ઉંમરમાં આર્ય સુસ્થિતસૂરિ પાસે દીક્ષા લીધી. થોડા વખતમાં જ તેઓ ભણી ગણી હોંશિયાર સાધુ થયા. ઘણા સમય પછી ભવદત્તમુનિ પોતાના નાના ભાઈને પ્રતિબોધવાના આશયથી પોતાના ગામમાં આવ્યા. તે સમયે ભવદેવનાં લગ્ન નાગિલા નામની કન્યા સાથે થવાની તૈયારી ચાલતી હતી. મુનિ થયેલા પોતાના ભાઈના આવવાના સમાચાર સાંભળી ભવદેવ દોડતો આવ્યો. તે મુનિને પગે લાગ્યો. મુનિએ 'ભવદેવ ! લે આ પાત્ર' એમ કહી સાથે રહેલું ઘીનું પાત્ર ભવદેવના હાથમાં આપ્યું. ભવદત્તમુનિ ગોચરી વ્હોરાવી ગુરુમહારાજ પાસે જવા નીકળ્યા. ભાઈ સાથે જ ચાલે છે. રસ્તામાં વાતો કરતાં કરતાં ગુરુ પાસે પહોંચ્યા. ગુરુ ભગવંતને ગોચરી બતાવી ત્યાં ગુરુ પાસે બેઠેલા સાધુઓ બોલ્યા, 'કેમ ભવદત્તમુનિ ! ભાઈને દીક્ષા આપવા લઈ આવ્યા છો ?' ગુરુદેવે ભવદેવને પૂછ્યું, 'કેમ ભદ્ર ! દીક્ષા લેવી છે ને ?'

ભવદેવે મુંઝાયો. તેની સામે નાગીલા તરવરી. પરંતુ હું એમ કહું કે, 'મારે વ્રત નથી લેવું' તો મારા ભાઈની તેમના સાધુઓ આગળ શી કિંમત ? એમ વિચાર કરી ભાઈને વશ થયેલા ભવદેવે હા પાડી. એટલે ભવદેવને દીક્ષા આપી. આમ, ભવદેવે દીક્ષા લીધી, પણ તે પોતાની ઇચ્છાથી નહિ, પણ ભાઈની ઇચ્છાથી.

**૨. રોષા દીક્ષા :** માતાદિકના તિરસ્કારથી ઉત્પન્ન થયેલા રોષથી શિવભૂતિની જેમ જે દીક્ષા લેવાય તે રોષાદીક્ષા કહેવાય.

શિવભૂતિનું કથાનક આ પ્રમાણે છે : શિવભૂતિ રથનગરનો નિવાસી હતો. તેની શૂરવીરતાથી ખુશ થઈને રાજાએ તેને 'સહસ્રમલ'નું બિરૂદ આપ્યું હતું. તે સ્વભાવે સ્વતંત્ર હતો. અને રોજ રાતે ઘણે મોડેથી ઘરે આવતો. તેની આ ટેવથી દુ:ખી થઈને તેની પત્નીએ સાસુને વાત કહી. સાસુએ વહુને કહ્યું : `તું આજે સૂઈ જા. તે આવશે ત્યારે હું જ બારણું ઉઘાડીશ.'

રોજની જેમ સહસ્રમલે મોડી રાતે ઘરનાં બારણાં ખટખટાવ્યાં. બારણાં ખોલ્યા વગર માએ કહ્યું, ''આ કંઈ ઘરે આવવાનો સમય છે ? જા જ્યાં બારણાં ખુલ્લાં હોય ત્યાં જા. હું અત્યારે બારણું નહીં ખોલું.' શિવભૂતિને આથી રોષ ચડ્યો. ત્યાંથી તે ચાલી નીકળ્યો. ઘણું રખડ્યો પણ કોઈનાં બારણાં ખુલ્લાં ન જોયાં. ફરતાં ફરતાં તે એક ઉપાશ્રય પાસે આવ્યો. ત્યાંના બારણાં ખુલ્લાં જોતાં તે અંદર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગયો. સાધુ-ભગવંતને જોઈ વંદન કર્યાં અને દીક્ષા લેવાની ભાવના જણાવી. સ્વજનોની સંમતિ શિવભૂતિએ ન લીધી જેથી ગુરુભગવંતે દીક્ષા ન આપી. આથી તેણે જાતે જ કેશનો લોચ કર્યો. આ જોઈને શ્રી કૃષ્ણસૂરિજીએ તેને મુનિવેશ આપ્યો. શિવભૂતિ હવે મુનિ બન્યા. તેમણે દીક્ષા રોષે ભરાઈને લીધી હતી.

**૩. પરિધૂના દીક્ષા :** નિર્ધનપણાને લીધે કઠિયારાની જેમ જે દીક્ષા લેવાય તે પરિધૂના દીક્ષા કહેવાય. રાજગૃહીમાં શ્રેણિકનું ધર્મનિષ્ઠ રાજ્ય હતું. તેનો મુખ્ય પ્રધાન બુદ્ધિશાળી અભયકુમાર હતો. એક વખત સુધર્મા ગણધર ભગવંત રાજગૃહી નગરીમાં ઘણા શિષ્યો સહિત પધાર્યા. આ શિષ્યોમાં એક નૂતન દીક્ષિત સાધુ હતા. આ સાધુ હતા તો પૂર્ણ વૈરાગી પણ તે ગૃહસ્થ જીવનમાં દુઃખી હોવાથી કઠિયારાનો ધંધો કરી પોતાનું જીવન નિર્વાહ કરતા. એમણે કોઈ એક વખત સુધર્મા ગણધર ભગવંતની દેશના સાંભળી. તેથી તેને વૈરાગ્ય જાગ્યો અને દીક્ષા લીધી. આખું રાજગૃહી નગર આ કઠિયારાને ઓળખતું. કોઈ લોકોએ તેની પાસેથી લાકડાં લીધેલાં અને ખાવાનું આપી તેની કિંમત ચૂકવેલી. પરંતુ હવે તો તેઓ દીક્ષા લઈ સાધુ થયા. તેમને ગોચરી મળવા લાગી. પરંતુ એમણે દુઃખ અને કષ્ટમાંથી મુક્ત થવા માટે દીક્ષા લીધી હતી.

**૪. સ્વપ્ના દીક્ષા :** પુષ્પચૂલાની દીક્ષાની જેમ જે દીક્ષા લેવાય તે સ્વપ્ના દીક્ષા કહેવાય છે.

પૃથ્વીપુર નગરમાં પુણ્યકેતુ રાજા રાજ્ય કરતા હતા. તેમને પુષ્પાવતી નામની રાણી હતી. તેઓને જોડિયાં બાળક અવતર્યાં. બંનેનાં નામ રાખ્યાં પુષ્પચૂલ અને પુષ્પચૂલા. જોડલા રૂપે ભાઈ-બહેનનો એવો સ્નેહ હતો કે તેઓ એકબીજાથી ક્યારેય જુદાં પડતાં નથી. જેમ વય વધતી ગઈ તેમ તેમનો સ્નેહ પણ વધતો ગયો. ભાઈ-બહેન સાથે રહી સુખી થાય એ માટે રાજાએ પુત્ર-પુત્રીને પરસ્પર પરણાવી દીધાં. એ જમાનામાં ક્યારેક આવાં લગ્ન પણ થતાં. રાણીએ ઘણો વિરોધ કર્યો, પણ કાંઈ વળ્યું નહીં. હવે તેઓ ભાઈ-બહેન મટી પતિ-પત્ની થયાં. આથી રાણી પુષ્પાવતીને વૈરાગ્ય ઉપજ્યો. તેમણે દીક્ષા લઈ લીધી. પછી સારી રીતે આરાધના કરી કાળધર્મ પામી તેઓ સ્વર્ગે ગયાં. કેટલાક સમય પછી રાજા મૃત્યુ પામ્યા. એટલે પુષ્પચૂલ-પુષ્પચૂલા રાજારાણી થયાં. નિઃશંક બની તેઓ ભોગો ભોગવવા લાગ્યાં. દેવ બનેલ માતાએ અવધિજ્ઞાનથી આ જાણ્યું. એથી એમની ગ્લાનિનો પાર ન રહ્યો. એ જીવોની અજ્ઞાનતા માટે તેમને દયા ઉપજી. પુષ્પચૂલાની પાત્રતા જણાવાથી તેમણે તેને સ્વપ્નમાં નરકનાં ઘોર દુઃખો દેખાડ્યાં. તે જોઈ પુષ્પચૂલા ભયથી વિહ્વળ બની ગઈ. રાજાને સ્વપ્નની વાત કરી. રાજાએ સ્વપ્નની હકીકત જણાવીને અર્ણિકાપુત્ર આચાર્યને પૂછ્યું. આચાર્ય મહારાજે નરકની વેદનાનું વર્ણન કર્યું. પછી તે જ રાત્રિએ દેવે સ્વર્ગનાં સુખ-વૈભવ પુષ્પચૂલાને સ્વપ્નમાં બતાવ્યાં. પાછાં રાજારાણીએ ઉપાશ્રયે આવી ફરી સ્વર્ગનાં સુખોની વાત પૂછી. આચાર્ય ભગવંતે તે વિશે સમજાવ્યું. તેથી પ્રતિબોધ પામીને પુષ્પચૂલાએ સમ્યકત્વપ્રાપ્તિ કરી અને દીક્ષા લીધી.

**૫. પ્રતિશ્રુતા દીક્ષા :** પ્રતિશ્રુત એટલે પ્રતિજ્ઞા કરવાથી જે દીક્ષા લેવાય તે પ્રતિશ્રુતા દીક્ષા. તે શાલિભદ્રની બહેન પ્રત્યે પ્રતિજ્ઞા કરનાર ધન્યકુમાર (ધન્ના)ની જેમ જાણવી.

એક દિવસ શાલિભદ્રની બહેન સુભદ્રા પોતાના પતિ ધન્યકુમારના માથાના લાંબા વાળ ગૂંથી આપતી હતી. એ વખતે પોતાના ભાઈ શાલિભદ્ર ઘર છોડી દીક્ષા લેવાના છે એ વાતનું સ્મરણ થતાં એની આંખમાંથી આંસુ ટપક્યાં અને ધન્યકુમારના મસ્તક પર પડ્યાં. ધન્યકુમારે એનું કારણ પૂછ્યું. સુભદ્રાએ વાત કરી કે પોતાના ભાઈ શાલિભદ્ર રોજ એક એક પત્નીનો ત્યાગ કરી છેવટે દીક્ષા લેશે. તે સાંભળી ધન્યકુમારે કટાક્ષમાં કહ્યું. 'રોજ એક એક પત્નીનો ત્યાગ કરવો એવી રીતે તે કાંઈ દીક્ષા લેવાતી હશે ? શાલિભદ્ર ડરપોક લાગે છે.' પોતાના પતિનાં આવાં ગર્વયુક્ત વચનો સાંભળી સુભદ્રાએ કહ્યું, 'વાત કરવી સહેલી છે. પણ દીક્ષા લેવી એ ઘણી દુષ્કર વાત છે. જો દીક્ષા લેવી સહેલી વાત હોય તો તમે પોતે જ કેમ દીક્ષા લેતા નથી ?' સુભદ્રાનાં આવાં વચનોથી ધન્નાજીએ તરત દીક્ષા લેવાનો નિશ્ચય કર્યો અને વર્ધમાન સ્વામી પાસે આઠ પત્નીઓ સહિત ચારિત્ર લીધું.

**૬. સ્મારણિકા દીક્ષા :** સ્મરણથી જે દીક્ષા લેવાય તે સ્મારણિકા નામની દીક્ષા કહેવાય. એ માટે શ્રી મલ્લિનાથ ભગવાનનું દૃષ્ટાન્ત અપાય છે.

વીતશોકા નગરના રાજા મહાબલના વૈશ્રમણ, ચંદ્ર, ધરણ, પૂરણ, વસુ અને અચલ એ નામના છ બાળપણના મિત્રો હતા. આગળ જતાં છએ મિત્રોએ સાથે દીક્ષા લીધી. તેઓ સાથે માસક્ષમણ જેવી ઉગ્ર તપશ્ચર્યાઓ કરવા લાગ્યા. તપસ્યામાં બીજા મિત્રો કરતાં આગળ રહેવા માટે મહાબલ મુનિ કાંઈક વ્યાધિનું બહાનું કાઢી પારણાની વાત ન કરતા. તેથી મિત્રોનાં પારણાં થઈ જતાં ને પોતે પારણું કર્યા વગર તપ આગળ વધારી તપોવૃદ્ધિ કરતા. આવી રીતે માયા કરીને ઘણીવાર તેઓ પોતાના મિત્ર સાધુઓને અંધારામાં રાખી તપશ્ચર્યા કરવામાં બીજાના કરતાં આગળ રહેતા. આવા માયાચારને પરિણામે તેમણે સ્ત્રીવેદ બાંધ્યો. વીસસ્થાનકની ઘોર તપશ્ચર્યાપૂર્વક ઉત્તમકોટિની આરાધના કરી તેમણે તીર્થંકર નામકર્મ બાંધ્યું. ત્યાંથી એક દેવભવ કરી મહાબલનો જીવ મિથિલાનગરીના રાજા કુંભરાયની રાણી પ્રભાવતીદેવીની કુક્ષીમાં પુત્રી તરીકે ઉત્પન્ન થયો. સમય પૂર્ણ થતાં પુત્રીનો જન્મ થયો ને મલ્લિકુંવરી એવું નામ રાખ્યું. તેમના છએ પૂર્વભવના મિત્રો દેવગતિનું આયુષ્ય પૂર્ણ કરી જુદા જુદા દેશમાં રાજાઓને ત્યાં પુત્ર તરીકે અવતર્યા. મલ્લિકુમારી ભાવિમાં તીર્થંકર થવાના હોવાથી અવધિજ્ઞાનથી પોતાના પૂર્વભવના મિત્રોની સ્થિતિ એમણે જાણી લીધી હતી. તેઓ પ્રતિબુદ્ધિકુમાર, ચંદ્રછાયકુમાર, રુકિમકુમાર, શંખકુમાર, અદીનશત્રુ, જિતશત્રુ થયા હતા. આ છ પૂર્વભવના મિત્રો, મલ્લિકુમારીના રૂપ પર મોહિતી થઈ તેને પરણવાની ઇચ્છા કરવા લાગ્યા. ત્યારે મલ્લિકુમારીએ તેઓને સમજાવવા કરાવેલા છ ગર્ભદ્વારવાળા ઓરડામાં તેમને જુદા જુદા દ્વારથી પ્રવેશ કરાવ્યો. છએ રાજાઓ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જુદા જુદા ઓરડાઓમાંથી આવવાથી એકબીજાને જોઈ શકતા ન હતા. તેમાં મલ્લિકુમારીએ પોતાના જેવી સોનાની પોલી મૂર્તિ બનાવરાવી રાખી હતી. તેના માથાના ભાગમાં કળામય કમળ આકારે એક છિદ્ર કરાવ્યું હતું. તેમાં રોજ જમવાના સમયે એક એક કોળીયો મલ્લિકુમારી નાખતાં હતાં. હવે રાજાઓ મલ્લિકુમારીની પ્રતિમા જોઈ મોહિત થયા તે સમયે પ્રતિમાના માથાના ભાગનું ઢાંકણું મલ્લિકુમારીએ ખસેડી નાંખ્યું. તેમાંથી તે વખતે દુર્ગંધ ઉછળવા લાગી. રાજાઓ તે સહન ન કરી શક્યા. ત્યારે મલ્લિકુમારીએ દેહનું અશુચિપણું સમજાવ્યું અને પૂર્વભવની વાત કહી. જેથી મિત્ર રાજાઓને જાતિસ્મરણ જ્ઞાન થયું અને બધાએ સાથે દીક્ષા લીધી.

**૭. રોગિણી દીક્ષા :** રોગને કારણે જે દીક્ષા લેવાય તે રોગિણી દીક્ષા કહેવાય. એ માટે સનતકુમારનું દૃષ્ટાન્ત અપાય છે. કોઈ વખતે સૌધર્મેન્દ્રની સભામાં સનતકુમારના રૂપની પ્રશંસા સાંભળી વિજય અને વૈજયંત નામના બે દેવતાઓ સ્વર્ગથી પૃથ્વી ઉપર આવ્યા. વૃદ્ધ બ્રાહ્મણનું રૂપ લઈ રાજાના મહેલમાં ગયા. તે વખતે આભૂષણ રહિત છતાં સર્વ અંગે સુંદર દેખાતા ચક્રવર્તી સનતકુમાર ન્હાવાના આસન પર બેઠેલા હતા. તે સનતકુમારને જોઈને ઇંદ્ર મિથ્યાવચનવાળો છે એમ દેવો કહેવા લાગ્યા. ચક્રીએ બ્રાહ્મણોને જોઈ, આવવાનું કારણ પૂછ્યું. દેવોએ કહ્યું, 'અમે તમારી રૂપસંપત્તિ જોવા આવ્યા છીએ.' રૂપાભિમાની રાજાએ હસીને કહ્યું કે 'હે બ્રાહ્મણો ! તમે વિદ્વાન છતાં અવસર વિના રૂપ જોવા માટે કેમ આવ્યા ? ન્હાવાના આસન પર બેઠેલા મારું શું રૂપ હોય ? હમણાં જ આભૂષણ ધારણ કરી સભામાં આવું છું. ત્યાં તમે આવો.' પછી સનતકુમાર સભામાં અલંકૃત થઈ આવ્યા. પણ બ્રાહ્મણો તે જોઈ દુઃખી થવા લાગ્યા. રાજાએ દુઃખી થવાનું કારણ પૂછ્યું. એટલે તે બન્ને દેવતાઓએ કહ્યું કે, 'હે ભૂપતિ, તે વખતે અમે જે તારું રૂપ જોયું હતું તે સર્વોત્તમ હતું. હમણાં તમને ઉત્પન્ન થયેલો કોઢનો રોગ તમારા રૂપનો નાશ કરે છે.' સનતકુમારે પૂછ્યું, 'હે બ્રાહ્મણો ! આ તમે કેમ જાણો છો ?' બ્રાહ્મણોએ તેમને થૂંકવા કહ્યું. સનતકુમાર થૂંક્યા એટલે તેમના થૂંકમાં ખદબદતા કીડા જણાયા. 'અમે દેવતાઓ જ્ઞાનદૃષ્ટિથી સર્વ જાણીએ છીએ.' એમ કહી દેવતા સ્વર્ગે ગયા.

પછી સનતકુમારે ઉત્પન્ન થયેલા કોઢ રોગથી પોતાનું રૂપ નાશ થતું જોયું. એટલે વૈરાગ્યવાન થઈ વિચારવા લાગ્યા કે જે શરીરનું પાળી પોષી રક્ષણ કરાય છે તે શરીરની આજે અનિષ્ટ અંત અવસ્થા પ્રત્યક્ષ દેખાય છે. હું આ દેહથી પુણ્ય પ્રાપ્ત કરીને ભાગ્યવંત થાઉં એમ વિચારી સનતકુમાર ચક્રવર્તીએ વિનયસૂરિ પાસે ચારિત્ર લીધું.

**૮. અનાદતા દીક્ષા :** સ્વજનાદિએ અનાદર કર્યો હોય તેથી જે દીક્ષા લેવાય તે અનાદત દીક્ષા કહેવાય. દા.ત., નંદિષેણની જેમ. નંદીગ્રામમાં સોમિલ બ્રાહ્મણ રહેતો હતો. તેની પત્નીનું નામ સોમિલા. બિચારાં જન્મજાત દરિદ્રી હતાં. તેમને એક પુત્ર થયો. તેનું નામ રાખ્યું નંદિષેણ. બાળક મોટું થાય તે પહેલાં તો તેનાં મા-બાપ ગુજરી ગયાં. ઠેબા ખાઈ તે મોટો થયો. પણ તેનું આખું શરીર બેડોળ અને કદરૂપું હતું. બિલાડા જેવી આંખો, ગોળી જેવું મોટું પેટ, લાંબા ને લબડતા હોઠ, મોઢામાંથી બહાર નીકળતા દાંત, આમ આખું શરીર વિચિત્ર જોઈને માત્ર બાળકો જ નહીં પણ કદીક ઢોર પણ ડરી જતાં. જ્યાં જાય ત્યાં બધા જ તેનો અનાદર કરે. છેવટે તેના મામાને દયા આવી. એમણે એને પોતાને ત્યાં રાખ્યો અને ઢોર ચારવાનું કામ સોંપ્યું. નંદિષેણને યુવાનીમાં પરણવાના ઘણા અભરખા થતા, મામા પણ તેને પરણાવવા પ્રયત્ન કરતા, પણ કેમે કરી ક્યાંય કોઈ કન્યા ન મળી. આથી તે ઘણો ખિન્ન થયો ત્યારે મામાએ તેને કહ્યું, 'જો તને કોઈ કન્યા નહીં આપે તો મારી સાત કન્યામાંથી એક તને આપીશ.' પછી મામાએ એક પછી એક સાતે યુવાન કન્યાઓને નંદિષેણ સાથે પરણવા સમજાવ્યું. પણ એકે ન માની. તેઓએ કહ્યું કે 'આત્મહત્યા કરીશું, પણ આ તમારા ઊંટ જેવા ભાણાને પરણશું નહીં.' આ જાણી નંદિષેણ સાવ હતાશ અને સૂનમૂન થઈ ગયો. 'ખાવી-પીવું ભાવે નહીં ને રાતે ઊંઘે આવે નહીં.' આખરે ઘર છોડી જંગલનો રસ્તો લીધો. કાંઈ પણ ન સૂઝવાથી તેણે પર્વત પરથી મરવાનું નક્કી કર્યું. પર્વતના શિખર પરથી પડવા જતો હતો ત્યાં અવાજ આવ્યો. 'નહીં....નહીં, આ દુઃસાહસ ન કર.' તેણે આસપાસ જોયું તો સમીપના વૃક્ષ નીચે એક મુનિને જોયા. પાસે જઈને તે બોલ્યો, 'ભગવંત ! હું નિર્ભાગ્યવાન છું. મારા દુઃખનો કોઈ પાર નથી. જન્મથી સુખ જોયું જ નથી.' મુનિએ કહ્યું, 'મરવાથી દુઃખ નાશ થતું નથી. પોતાના જીવનો ઘાત કરવાથી પાપ લાગે છે. એક પાપનું ફળ તો તું ભોગવે છે અને પાછું બીજું કરવા તૈયાર થયો છે ?'તેણે ગુરુને પૂછ્યું કે 'દુઃખથી છુટવા મારે શું કરવું ?' તેમણે જણાવ્યું કે 'સર્વ સુખનું કારણ અને દુઃખનું નિવારણ એક માત્ર અરિહંતનો ધર્મ છે. એનું શરણ લેવું જોઈએ.' આ સાંભળી નંદિષેણ બોધ પામ્યો અને તેણે તેમની દીક્ષા લીધી.

**૯. દેવસંજ્ઞપ્તિ દીક્ષા :** દેવતાના પ્રતિબોધવાથી જે દીક્ષા લેવાય તે, દેવસંજ્ઞપ્તિ દીક્ષા કહેવાય. એ માટે માટે મેતાર્ય મુનિનું દૃષ્ટાન્ત છે. એક રાજપુત્ર અને પુરોહિતપુત્ર એમ બે મિત્રો હતા. તેમણે સાગરચંદ્ર મુનિ પાસે દીક્ષા લીધી. રાજપુત્ર સ્વેચ્છાથી સંયમ પાળતો હતો જ્યારે પુરોહિત પુત્ર અનિચ્છાથી પાળતો હતો. અંતે અનશન કરી તે બન્ને મુનિઓ દેવલોકમાં દેવતા થયા. ત્યાં પરસ્પર પ્રતિજ્ઞા કરી કે જે સ્વર્ગથી પ્રથમ ચ્યવે તેને સ્વર્ગમાં રહેલા દેવતાએ પ્રતિબોધ પમાડવો. હવે કર્મવશાત્ પુરોહિતપુત્રનો જીવ સ્વર્ગથી પહેલો ચ્યવી ચાંડાલણીને ત્યાં પુત્રપણે અવતર્યો. ચાંડાલણીએ તે નગરની શેઠાણીને પુત્ર ન હોવાથી તે પુત્ર શેઠાણીને આપ્યો.

શેઠાણીના ઘરમાં રહેલો આ ચાંડાલણી પુત્ર મેતાર્ય યુવાવસ્થાને પામ્યો. તે મેતાર્યને પૂર્વભવનો મિત્ર દેવ સ્વપ્ન વગેરેથી પ્રતિબોધવા લાગ્યો. છતાં મેતાર્ય પ્રતિબોધ પામ્યો નહીં. પછી તેનો વિવાહ મહોત્સવ થયો ત્યારે પણ દેવે તે વિવાહ અટકાવ્યો. છતાં પણ પ્રતિબોધ ન પામ્યો. ત્યારપછી મેતાર્ય નવ શ્રેષ્ઠીપુત્રીઓ અનુક્રમે પરણ્યો. ત્યારપછી ફરી દેવે તે વિવાહ અટકાવ્યો. છતાં પણ પ્રતિબોધ ન પામ્યો. ત્યારપછી ફરી દેવે આવીને જાગૃત કર્યો. ત્યારે પત્નીઓએ દેવતાને વિનંતી કરતાં કહ્યું, 'અમારો પતિ બાર વર્ષ સુધી ઘરમાં રહ્યા પછી દીક્ષા લે એવી આજ્ઞા આપો.' દયાથી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આર્દ્ર બનેલા દેવતાએ એ પ્રમાણે આજ્ઞા આપી એટલે મેતાર્ય બાર વર્ષ ઘરમાં રહ્યો. બાર વર્ષ પૂર્ણ થયા પછી વૈરાગ્યવાસિત મેતાર્યે દીક્ષા લીધી. દીક્ષા મહોત્સવ પણ મિત્રદેવે કર્યો.

**૧૦. વત્સાનુબંધિકા દીક્ષા :** વત્સ એટલે પુત્ર. વત્સના અનુબંધવાળી દીક્ષા તે વત્સાનુબંધિકા નામની દીક્ષા. દા.ત., વજ્રસ્વામીની માતાની જેમ. (ઉપલક્ષણથી પિતાદિના અનુબંધવાળી દીક્ષા પણ ગણાય. મનક વગેરેની દીક્ષા એવી જાણવી.)

**વજસ્વામીનું દષ્ટાંત :** વજકુમાર નાના હતા અને પિતાની દીક્ષાની વાત સાંભળતા જ એમને જાતિસ્મરણ જ્ઞાન થયું. એમને દીક્ષા લેવાના ભાવ જાગ્યા. તેમણે વિચાર્યું કે 'હું બાળક છું જેથી હમણાં વ્રત ન લઈ શકું, પણ હું એવું કરું કે જેથી મારી માતા સુનંદા મારા પરથી સ્નેહ ઉતારી નાખે.' એમ વિચારીને તે રડવા લાગ્યા. માતાએ ઘણાં ઉપાયો કર્યા છતાં તે શાંત થયા નહીં. એમ છ મહિના પસાર થયા. તેટલામાં વજકુમારના પિતા મુનિ નગરમાં પધાર્યા ને સુનંદાના ઘરે ગોચરી વ્હોરવા પધાર્યા. માતા સુનંદા પુત્રથી કંટાળેલી હોવાથી ગોચરીમાં પુત્રને વ્હોરાવી દીધો. પિતામુનિએ તે બાળકને લઈને પોતાના ગુરુ સિંહગિરિમુનિને સોંપ્યો. 'આ તેજસ્વી રત્ન છે, જેથી તેનું પાલન કરવા યોગ્ય છે.' એમ કહી સૂરિએ પાલન માટે શ્રાવિકાઓને સોંપ્યો. અનુક્રમે ત્રણ વર્ષ પસાર થતાં માતાએ પુત્રની માંગણી કરી ત્યારે ગુરુએ કહ્યું 'હવે પુત્ર પાછો શા માટે માંગે છે ?' સુનંદાએ કહ્યું કે, 'હું ન્યાયથી પુત્ર મેળવીશ' એમ કહી રાજદરબારે વાત કરી. રાજદરબારમાં એક બાજુ રમકડાં લઈ માતા ઊભી છે ને બીજી બાજુ પિતા ગુરુ ઓઘો લઈ ઊભા છે. વચમાં વજસ્વામી છે. બાળકને બોલાવતાં જેની પાસે બાળક જાય તે બાળકનો માલિક થાય. માતા મીઠા વચનોથી બાળકને બોલાવવા લાગી તે વખતે માતાનાં વચનો સાંભળીને વ્રત લેવા માટે દઢ બુદ્ધિશાળી વજકુમાર વિચારવા લાગ્યા કે માતા ઉપકારી છે એમ વિચારી જો હું માતા પાસે જાઉં તો આ ચતુર્વિધ સંઘ દુભાય. વળી હું વ્રત લઉં તો માતા પણ કદાચ વ્રત લે. એટલે વજકુમારે ઓઘો ગ્રહણ કર્યો. તેથી માતાને પણ વૈરાગ્ય ઉત્પન્ન થતાં સંયમ લેવાની ભાવના જાગી.

**મનકનું દષ્ટાંત :** શય્યંભવ વિપ્રનો પુત્ર મનક હતો. શય્યંભવ વિપ્રે (મનકના જન્મ પહેલાં જ) જૈન દીક્ષા ગ્રહણ કરી હતી. આઠ વર્ષનો મનક પિતાની શોધ કરવા નીકળ્યો. તે વખતે ફરતાં ફરતાં પુણ્યથી ખેંચાયો હોય તેમ મનક ચંપાનગરીમાં આવ્યો. આ વખતે શય્યંભવ આચાર્ય કાયચિંતા માટે જતા હતા. તેમણે નિર્દોષ ચળકતા લલાટવાળા બાળકને જોયો. અને પૂછ્યું, 'બાળક ! તું કોણ છે ? ક્યાંથી આવે છે અને ક્યાં જાય છે ?' બાળક બોલ્યો, 'મહારાજ ! હું રાજગૃહી નગરીથી આવું છું. ત્યાંના વત્સ ગોત્રવાળા શય્યંભવ બ્રાહ્મણનો પુત્ર છું. મારા પિતાએ હું ગર્ભમાં હતો ત્યારે જૈન દીક્ષા લીધી છે. તેમને શોધવા હું આવ્યો છું.' મુનિ કહ્યું, 'ભદ્ર ! તારા પિતાને હું સારી રીતે જાણું છું. મારા તે મિત્ર છે. મારો દેખાવ અને તેમનો દેખાવ બરાબર એક સરખો છે. તું મારી સાથે ચાલ. મને તારો પિતા સમજજે. હું તને પુત્ર સમજીશ.' ભોળો બાળક ભોળવાયો અને ઉપાશ્રયે આવ્યો. શય્યંભવસૂરિએ તેને દીક્ષા આપી. અહીં પણ તેમનું નામ મનકમુનિ જ રાખવામાં આવ્યું. આ પિતાના આલંબનથી પુત્ર મનકે દીક્ષા લીધી.

**૧૧. જનિતકન્યકા દીક્ષા :** અપરિણીત કન્યાથી ઉત્પન્ન થયેલી વ્યક્તિ જે દીક્ષા લે તે જનિતકન્યકા દીક્ષા. કેશિકુમારની જેમ. (ઉપલક્ષણથી અન્ય રીતે નિંદિત જન્મવાળાની પણ દીક્ષા જાણવી.)

ગંગાકાંઠે સ્મશાનનો સ્વામી બલકોટ નામનો ચાંડાળ હતો. તેને ગૌરી અને ગાંધારી નામની બે સ્ત્રી હતી. તેમાં ગૌરીને એક પુત્ર થયો. પૂર્વ ભવે જાતિમદ કર્યો હતો તેથી તે પુત્ર કદરૂપો અને શ્યામ થયો. ચાંડાલોને પણ ઉપહાસ કરવા લાયક તે થયો. તે લોકોમાં બહુ નિંદિત બન્યો. તેનું નામ બળ પાડ્યું. વિષવૃક્ષની જેમ સૌને દ્વેષ કરવા લાયક તે થયો. ઘણા લોકોને ઉદ્વેગ પમાડતો તે મોટો થવા લાગ્યો. એકદા બંધુવર્ગ સાથે ભાંડચેષ્ટા કરીને તેણે સર્વની સાથે કલહ કર્યો. તેથી નેતાઓએ તેને પોતાનાથી દૂર કર્યો. તે દૂર જઈને બેઠો તેવામાં ત્યાં એક સર્પ નીકળ્યો. એ જોઈને સર્વ ચાંડાલોએ એકદમ ઉઠીને 'આ ઝેરી સર્પ છે' એમ કહીને તેને મારી નાંખ્યો. થોડીવાર પછી બીજો સર્પ નીકળ્યો. તે વિષ રહિત છે એમ જાણીને તેઓએ તેને જવા દીધો.

તે જોઈને 'બળે' વિચાર્યું કે વિષધારી સર્પ હણાય છે અને નિર્વિષ સર્પ મૂકી દેવાય છે. માટે સર્વ કોઈ પોતાના જ દોષથી ક્લેશ પામે છે એમ સિદ્ધ થયું. તો હવે પોતે ભદ્ર પ્રકૃતિ રાખવી તે જ યોગ્ય છે. એમ વિચારતાં તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વ ભવનો વિચાર કરતો તે બળ ગુરુભગવંત પાસે ગયો. તેમની પાસે ધર્મશ્રવણ કરીને તેણે દીક્ષા લીધી.

**૧૨. પ્રમોદહેતુ દીક્ષા :** બહુ માણસોને હર્ષિત કરનારી જે દીક્ષા તે પ્રમોદહેતુ દીક્ષા. એ માટે જંબુસ્વામીનું દષ્ટાન્ત સુપ્રસિદ્ધ છે.

જંબુકુમાર રાજગૃહી નગરીનાં ઋષભદત્ત અને ધારિણીના એકના એક પુત્ર હતા. કોઈ વખત સુધર્મા સ્વામી ગણધર ભગવાનની દેશના સાંભળી જંબુકુમાર પ્રતિબોધ પામ્યા અને દીક્ષા લેવા માતા-પિતાની રજા લેવા ગયા. માતાએ પરણવા માટે આગ્રહ કર્યો. જંબુકુમારે નિશ્ચય કર્યો કે પરણ્યા પછી બીજે જ દિવસે પોતે દીક્ષા લેવી. આઠ કન્યા સાથે જંબુકુમારનાં લગ્ન આરંભાયાં અને એકેક કન્યા દસ દસ ક્રોડ કરિયાવર લઈ જંબુકુમારને ત્યાં આવી. આમ એક જ દિવસમાં જંબુકુમાર એંશી ક્રોડ સોનૈયાનો સ્વામી થયો. પરંતુ એ નિર્મોહી, નિર્વિકારી, ત્યાગી થવાની જીજ્ઞાસાવાળાએ ત્યાગ-વૈરાગ્ય સભર કથાઓ દ્વારા આઠે કન્યાઓને પ્રતિબોધી. તે જ રાત્રે પ્રભવાદિ પાંચસો ચોરો, પોતાનાં માતા-પિતા અને આઠે કન્યાનાં માતા-પિતા એમ પાંચસો સત્યાવીસને પ્રતિબોધ પમાડી જંબુકુમારે એ બધાં સાથે દીક્ષા લીધી.

**૧૩. આખ્યાતા દીક્ષા :** બીજાએ કહેલા ધર્મને સાંભળીને જે દીક્ષા લેવાય તે આખ્યાતા દીક્ષા. પ્રભવની જેમ.

જયપુરના રાજા વિંધ્યને બે પુત્ર હતા. એક પ્રભવ અને બીજો પ્રભુ. પ્રભવ મોટો હોવા છતાં વિધ્ય રાજાએ પ્રભુને રાજ્ય આપ્યું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આથી પ્રભુવનું મન દુભાયું. તે નગર છોડી એક લૂંટારાની પલ્લીમાં ભળ્યો. ધીમે ધીમે તે મોટો લૂંટારો થયો. તેણે કોઈના મુખેથી સાંભળ્યું કે રાજગૃહીના ઋષભદત્ત શેઠનો પુત્ર એંશી ક્રોડ સૌનૈયા કરિયાવરમાં જેમને મળેલ એવી આઠ શ્રેષ્ઠી પુત્રીઓને પરણી પોતાના મહેલમાં આવી ગયો છે. તે જાણી પ્રભવ ચોર પોતાના પાંચસો સાથીદારો સાથે જંબુકુમારની હવેલીએ આવ્યો. હવેલીમાં પેસતાં જ એણે બધા ઉપર અવસ્વાપિની વિદ્યાનો પ્રયોગ કર્યો. એથી બધાને ઊંઘ આવવા લાગી. પણ જંબુકુમારને તે વિદ્યા મૂર્છિત ન કરી શકી. પ્રભવ પાંચસો સાથીદારો સાથે ધનનાં પોટલાં બાંધવા લાગ્યા. તે જોઈને જંબુકુમારે તે બધાંની સામે સ્તંભિની વિદ્યાથી નજર નાંખી એટલે તે બધા હતા ત્યાં ને ત્યાં સ્તંભિત થઈ ગયા. પ્રભવે જંબુકુમારને કહ્યું, 'ભાગ્યવંત ! મારે તમારે ત્યાં ચોરી નથી કરવી, પણ મને તમે તમારી આ સ્તંભિની વિદ્યા આપો.' જંબુકુમારે કહ્યું, 'ભાઈ ! હું તો કાલે દીક્ષા લઈશ. મારે કોઈ વિદ્યાની જરૂર નથી. પરંતુ હે પ્રભવ ! વિષયસુખ દુઃખદાયક છે અને તે દેખાવમાં મીઠું અને પરિણામે ભયંકર છે એમ સમજ.' જંબુકુમારે મધુબિન્દુ, અઢારનાતરાં, મહેશ્વરદત્ત વગેરેનાં દૃષ્ટાંતો આપી પ્રભવ ચોરને પ્રતિબોધ પમાડ્યો. આમ પ્રભવ ચોર જંબુકુમારના ઉપદેશથી પ્રતિબોધ પામ્યો ને દીક્ષા લીધી. એથી એ દીક્ષાનો પ્રકાર 'આખ્યાતા દીક્ષા'નો કહેવાય.

**૧૪. સંગરા દીક્ષા :** પૂર્વ ભવમાં કરી રહેલા સંકેતથી જે દીક્ષા લેવાય તે, સંગરા દીક્ષા કહેવાય.

ઈષુકાર અધ્યયનમાં વર્ણવેલા પુરોહિતના બે પુત્રની દીક્ષા એવી હતી. ઈષુકાર નગરના ઈષુકાર રાજાને ભૃગુ પુરોહિત મંત્રી હતો. મોટી ઉંમર થવા આવી છતાં ઘરે સંતાન ન હોવાના કારણે તે ખેદ કરતો. એક વખત દેવે આવીને ભૃગુ પુરોહિતને કહ્યું કે 'તમારે ઘરે બે પુત્ર ઉત્પન્ન થશે. તમે ચિંતા ન કરો. પણ તે નાની વયમાં દીક્ષા લઈ આત્મકલ્યાણ કરશે.' પુત્ર થવાની વધામણીથી પુરોહિત રાજી થયો. અનુક્રમે તેના ઘરે બે પુત્રોનો જન્મ થયો. પુત્રો સમજણા થયા. એટલે પિતાએ એમના મનમાં ભય બેસાડી દીધો કે 'તમારે જૈન સાધુનો પરિચય કરવો નહીં. તેઓ છોકરાઓને લઈ જઈ મારી નાંખે છે.' તેથી પુત્ર ડરવા લાગ્યા. કોઈવાર બન્ને પુત્રો ફરવા ગયા હતા. ત્યાં પુરોહિતને ત્યાં જૈન મુનિઓ ગોચરીએ આવ્યા. ગોચરી લઈ મુનિઓ ગામ બહાર જતા હતા ત્યાં આ બે પુત્રોએ તેમને જોયા. પુત્રો મુનિને જોઈ ગભરાયા. તેઓ એક વડ વૃક્ષ પર ચડી સંતાઈ ગયા. મુનિઓ પણ એ જ વડ નીચે આવ્યા. અનુકૂલ જગ્યા જાણી મુનિ ત્યાં જ આહાર વાપરવા બેઠા. તે બંને ભાઈઓએ જ્યારે મુનિઓને નિર્દોષ આહાર કરતા જોયા ત્યારે પોતે વિચાર કરવા લાગ્યા કે, 'આવું આપણે ક્યાંક જોયેલું છે.' એમ વિચારતાં બંનેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેઓએ પૂર્વના એક જન્મમાં સાધુપણું પાળેલું અને તેના પ્રભાવે તેઓ પોતે દેવ થયેલા, તે સર્વ તેમના જોવામાં આવ્યું. તરત વડની નીચે ઊતરી મુનિઓને વંદન કર્યાં. પોતે મુનિ માટે જે અશુભ કલ્પના કરી હતી તે માટે ક્ષમા યાચી અને દીક્ષા લેવાની પોતાની અભિલાષા જણાવી. ત્યાર પછી માત્ર એમણે જ નહિ એમનાં માતા-પિતા તથા રાજા-રાણી એમ છએ જીવોએ વૈરાગ્યવાસિત બની સાથે દીક્ષા લીધી.

**૧૫. વૈયાકરણી દીક્ષા :** સંદેહવાળા અર્થને જિનાદિકે કહ્યા છતાં જે દીક્ષા લેવાય તે વૈયાકરણી નામની દીક્ષા કહેવાય. ગૌતમ સ્વામીની દીક્ષા એનું ઉદાહરણ છે.

ગોબર ગામમાં ઈન્દ્રભૂતિ નામના વેદાદિના જાણકાર પંડિત હતા. તેમને પોતાના જ્ઞાનનું અભિમાન હતું. તે પોતાને સર્વજ્ઞ માનતા. કોઈ વખતે પ્રભુ મહાવીર તે ગામ બહાર સમવસર્યા હતા. સમવસરણમાં દેવોને જતા જોઈને ઈન્દ્રભૂતિએ પૂછ્યું તો જાણવા મળ્યું કે કોઈ સર્વજ્ઞ આવ્યા છે ત્યાં દેવો જાય છે. 'અરે, સર્વજ્ઞ તો હું છું. એ પણ દેવોને ખબર નથી. હું એ ધૂર્તની પાસે જઈ વાદ કરીને પરાજિત કરી આવું' એમ વિચારી સંકલ્પ કરી ઈન્દ્રભૂતિ પાંચસો શિષ્ય સાથે પ્રભુ પાસે આવ્યા. પ્રભુએ ઈન્દ્રભૂતિનું નામ લઈ બોલાવ્યા અને કહ્યું કે 'હે ગૌતમ ! તમને આત્માના અસ્તિત્વ સંબંધી, વેદના પરસ્પર વિરુદ્ધ વાક્યોથી ઘણા વખતથી શંકા છે. તે શંકાનું મૂળ વેદના વાક્યના અર્થને યથાર્થ રૂપે ન સમજવામાં રહેલું છે.' એવી રીતે પ્રભુએ તેમના અનેક સંશયો ટાળ્યા. એટલે પાંચસો શિષ્ય સહિત એ જ વખતે તેમણે પ્રભુ પાસે દીક્ષા લીધી.

**૧૬. સ્વયંબુદ્ધા દીક્ષા :** સર્વ તીર્થંકરો ભગવાન સ્વયંબુદ્ધા નામની દીક્ષા ગ્રહણ કરે છે.

જગતમાં સર્વોત્સકૃષ્ટ સૌંદર્યવાળા અને બાલ્યવયમાં પણ અબાલ બુદ્ધિવાળા પ્રભુ જિતેન્દ્રિય અને સ્થિર આત્માવાળા હોય છે. જન્મથી ત્રણ જ્ઞાનયુક્ત એવા પ્રભુ સંસારના સુખમાં આસક્ત બનતા નથી. તીર્થંકર પરમાત્મા જ્ઞાનથી પોતાની દીક્ષાનો સમય જાણે છે છતાંય તે સમયે લોકાંતિક દેવતા તેમનીપાસે આવીને નમસ્કાર કરીને ત્રણ લોકના કલ્યાણ માટે ધર્મતીર્થ પ્રવર્તાવવા માટે વિનંતી કરે છે. દીક્ષા લેવાના સમયને એક વરસ બાકી હોય ત્યારે તીર્થંકર પરમાત્મા વાર્ષિક દાન આપે છે. દાન દીધા પછી માતા-પિતાની અનુજ્ઞા લઈને જેમનો શક્રેન્દ્ર તથા રાજા વગેરેએ ભક્તિથી મહાભિનિષ્ક્રમણોત્સવ કરેલો છે, એવા પ્રભુ સ્વહસ્તે દીક્ષા લે છે. શિબિકામાં બેસી પ્રભુ દીક્ષા લેવા નીકળે છે ત્યારે મનુષ્યો તેમની વિવિધ પ્રકારે સ્તુતિ કરે છે અને સૌ પ્રભુ સાથે વનમાં આવે છે. ત્યાં અશોકવૃક્ષ નીચે પાલખી ઉતારે છે. પ્રભુ તેમાંથી બહાર નીકળી આભૂષણો ઉતારે છે. તે સમયે કુળની વડિલ સ્ત્રી હંસ લક્ષણવાળા વસ્ત્રમાં તે આભૂષણો લઈ લે છે. આભૂષણો ઊતર્યા પછી એક મુષ્ટિથી દાઢી-મૂછના અને ચાર મુષ્ટિથી મસ્તકના કેશનો એમ પંચમુષ્ટિ લોચ કરે છે. શક્રેન્દ્ર તે કેશને લઈને પ્રભુને જાણ કરીને ક્ષીરસાગરમાં પધરાવી દે છે. પછી ઈન્દ્ર પ્રભુના સ્કંધ ઉપર દેવદૂષ્ય નાંખે છે. ત્યારબાદ પ્રભુ 'નમો સિદ્ધાણં' બોલી સામાયિકનો પાઠ ભણે છે. (આ પાઠમાં 'ભંતે' એ પદ જિનેશ્વર ભગવંત બોલતા નથી.) દીક્ષિત થતાં એ સમયે જ પ્રભુને ચોથું જ્ઞાન પ્રગટ થાય છે.

* * *

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org